અપીલ અરજી નં.૨૮૫ તા .૨૧–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પ્રકાશ બી. બાગુલ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રકાશ બી. બાગુલની તા. ૯–૮–૧૧ ની અરજીથી નવા કમેલા ખાતે આવેલ "સિધ્ધિ વિનાયક" ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીની માહિતી બાબતે મુદ્દા નં.(૧) સિધ્ધિ વિનાયક સોસાયટીમાં કેટલા ઈન્ડસ્ટ્રીયલ પ્લોટો આવેલ છે ? તેની મુળ પ્લોટ હોલ્ડરની નામાવલીની માહિતી આપવા વિનંતી વિ. મુદ્દા નં.(૧) થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૮૫/૨૦૧૧–૧૨

શ્રી પ્રકાશ બી. બાગુલની તા. ૯–૮–૧૧ ની અરજીથી નવા કમેલા ખાતે આવેલ "સિધ્ધિ વિનાયક" ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીની માહિતી બાબતે મુદ્દા નં.(૧) સિધ્ધિ વિનાયક સોસાયટીમાં કેટલા ઈન્ડસ્ટ્રીયલ પ્લોટો આવેલ છે ? તેની મુળ પ્લોટ હોલ્ડરની નામાવલીની માહિતી આપવા વિનંતી વિ. મુદ્દા નં.(૧) થી (૫)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે માહિતીની દફતરી હકીકત આધાર સહ જણાવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૬૭ તા.૧–૧૦–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૯–૮–૧૧ ની અરજીથી સિધ્ધિ વિનાયક સોસા. ના ઈન્ડ. પ્લોટો અને બાંધકામ બાબતની માહિતી માંગતી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં માંગવામાં આવેલી માહિતી ન મળતાં અરજદારે તા.૨૧–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ. ત્યાર બાદ અરજદારે પુનઃ તા.૨૪–૧૦–૧૧ ના રોજ રીમાર્ન્ડર અપીલ પણ કરેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) સિધ્ધિ વિનાયક સોસાયટીમાં કેટલા ઈન્ડસ્ટ્રીયલ પ્લોટો આવેલ છે ? તેની મુળ પ્લોટ હોલ્ડરની નામાવલીની માહિતી આપવા વિનંતી. (૨) ઉપરોકત ઈન્ડ. સોસા.માં કેટલા માળ બાંધકામનો પ્લાન મંજુર કરવામાં આવેલ છે? પ્લાનની ઝેરોક્ષ નકલ આપવા વિનંતી. (૩) ઉપરોકત સોસા.માં " અંડર ગ્રાઉન્ડ" બાંધકામની મંજુરી આપવામાં આવેલ છે કે કેમ? અંડર ગ્રાઉન્ડ બાંધકામ પ્લાન પાસ કરવામાં આવેલ છે કે કેમ? (૪) ઉપરોકત ઈન્ડ. સોસા.માં કોમન પ્લોટ (સીઓપી) છોડવામાં આવેલ છે કે કેમ? જો છોડવામાં આવેલ હોય તો કેટલા " સ્કવેર ફીટ" છોડવામાં આવેલ છે? સીઓપી હાલમાં ખુલ્લી છે કે દબાણમાં છે? જો દબાણમાં હોય તો કોનું દબાણ છે? ખુલ્લી હોય તો એકઝેટ કયાં આવેલ છે? પૂરક માહિતી આપવા વિનંતી. (૫) ઉપરોકત ઈન્ડ. સોસા.ના મુળ માલીકનું નામ અથવા બીલ્ડર/ઓર્ગેનાઈઝરના નામ/ સરનામું આપવા વિનંતી. તેમજ આ ઈન્ડ. સોસા.ના બ્લોક નંબર તથા સર્વે નંબર જણાવવા વિનંતી. આમ અરજદારે મુદ્દા નં.૧ થી ૫ ની માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિમાં અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી તેમજ માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈક ારણ પણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં નહીં આવેલ હોવાથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી પ્રકાશ બી. બાગુલ